Chap-4

# પ્રકરણ ચાર

# ઉપસંહાર

# પ્રકરણ ચાર

## ઉ પ સં હા ર

ગાંધીનગર જિલ્લાના (અગાઉની સાબરકાંઠા એજન્સીના) ડભોડા ગામે જન્મેલા અને 'અનામી'ના ઉપનામથી ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં જાણીતા બનેલા ડો. રણજિત પટેલના વ્યક્તિત્વ-ઘડતરમાં કૌટુંબિક વારસો, સામાજિક વાતાવરણ અને રાજકીય પરિસ્થિતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. અનામીને એમના વતનમાંથી અને એમના બહોળા સંયુક્ત કુટુંબમાંથી સાહિત્યસંસ્કારનું ઘણું પાથેય પ્રાપ્ત થયું છે. એમના માનસ, વ્યક્તિત્વ અને સંસ્કારઘડતરમાં એમના માત-પિતા, દાદા-દાદીની જેમ એમના આદરણીય વિદ્યા-ગુરુઓનો ફાળો પણ નોંધપાત્ર રહયો છે. પ્રતિભા, વ્યુત્પત્તિ અને અભ્યાસ એ ત્રણે સાહિત્યોદ્ભાવક હેતુ એમને સહજસિધ્ધ હતા. તેથી એમની વિદ્યાકીય અને સર્જક તરીકેની કારકિર્દી તેજસ્વી રહી છે. કડી-આશ્રમ અને કડીની સર્વવિદ્યાલય નામક રાષ્ટ્રીય સંસ્થાએ, એની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા, અને ત્યાંના ઇષ્ટ ધ્યેયને વરેલા સન્નિષ્ઠ શિક્ષકોએ, રણજિતભાઇ પટેલની ગુપ્ત-સુપ્ત શક્તિઓને જાગ્રત કરવામાં અતિ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ સંસ્થા દ્વારા તેઓ સૂક્ષ્મ અર્થમાં ઘણુંબધું પામ્યા છે.

અભ્યાસ અને નોકરી દરમિયાન, તેમની કામગીરીને બિરદાવતા, અનેક સંસ્થાના આચાર્યો અને વિદ્યાગુરુઓએ આપેલા પ્રમાણપત્રો અનામીની અભ્યાસપરાયણતા અને વિદ્વત્તા પર સારો પ્રકાશ પાડે છે. નોકરીમાંથી નિવૃત્ત થતા એમના અનેક મિત્રો, શુભેચ્છકો, સહકાર્યકરો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા થયેલા બહુમાન પ્રસંગે પ્રગટ થયેલ 'સંભારણું' (૧૯૭૭)માં પણ અનેક મહાનુભાવોએ

અનામી માટે ઉમળકાભેર લખ્યું છે; જે એમના વ્યક્તિત્વના વિવિધ પાસાઓનો અને વિરલ ગુણોનો પર્યાપ્ત પરિચય કરાવે છે.

અનામીને વિવિધ વિષયોમાં રસ હોવાનું તો તુરત જ પ્રતીત થાય છે. એમનો જીવન જીવવાનો પાયો વિશાળ અને વ્યાપક છે. સમગ્રદર્શી જીવન કેળવવાનો ઉપક્રમ એમાં દૃષ્ટિગોચર થાય છે. જીવનનાં અનેક ક્ષેત્રોમાં પોતાની નિપુણતાનો પ્રશ્ન બાજુ પર રાખી, નિષ્ઠા ને ખંતપૂર્વક ગતિ કરવાનો એમનો પુરુષાર્થ અછતો રહેતો નથી. ગાંધીયુગના સર્જક-ચિંતકની પ્રાયઃ આ એક ખાસિયત છે; એટલે ગાંધીયુગના ઘડતરનું જ આ પરિણામ છે. એમનાં જીવનમાં, આચાર-વિચાર અને પ્રવૃત્તિમાં ગાંધીયુગનો સતત સ્પર્શ અનુભવાય છે. આપણે એમ કહી શકીએ કે તેમનું જીવન અને તેમની સાહિત્યપ્રવૃત્તિનું કેન્દ્રવર્તી ચાલકબળ ગુજરાતી સાહિત્યના ગાંધીયુગના સમગ્ર પરિબળો છે.

ઉમાશંકર જોષીની જેમ, વર્ગને સ્વર્ગ માની, ઉપસ્થિત વિવિધ-સ્તરીય વિદ્યાર્થીવર્ગની સર્વકક્ષાઓને સુગમ, સુપાચ્ય અને સહે તે રીતે વિષયને રજૂ કરવો એ એમની એક આદર્શ અધ્યાપક તરીકેની આગવી દૃષ્ટિ અને વિશિષ્ટતા છે. પૂર્વતૈયારી વિના વર્ગમાં જવું નહિ, એ એમની અધ્યાપક તરીકેની મુખ્ય ખાસિયત હતી. વિદ્યાર્થીઓ સાથેનો એમનો સંપર્ક એમના અભ્યાસ પૂરતો જ મર્યાદિત રહેતો નહીં; વિદ્યાર્થીના કુટુંબજીવન, સમાજજીવન, વ્યવસાયજીવન - તમામની સાથે તે સંકળાયેલ રહેતો. વિદ્યાર્થીના સમગ્ર જીવનને શિક્ષિત-સંસ્કારી-સુવિકસિત કરવા માટે તેઓ હર-હંમેશ સહાયભૂત રહેતા. એમની આવી વૃત્તિ-પ્રવૃત્તિ અનામીને એક આદર્શ અને ઉમદા અધ્યાપક તરીકે સુપ્રતિષ્ઠિત કરે છે. વિદ્યાર્થીઓ

સાથે સ્વજનશિક્ષકના વાત્સલ્યભાવથી પત્રવ્યવહાર કરવો, એ એમની કદાચ સૌથી વિશેષ હૃદ્ય પ્રવૃત્તિ રહી છે.

અનામીએ અનેક ઊગતા લેખકો–કવિઓને મૌખિક–લેખિતરૂપમાં માર્ગદર્શન પૂરું પાડયું છે. એમના વિકાસમાં એમણે અંગત રસ પણ લીધો છે. આ સંદર્ભમાં આ એક ઉદાહરણ દ્યોતક છે : બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં રાજનારાયણ ને રાજેશ્વરરાવ જેવાના સહાધ્યાયી અને ૧૯૭૭માં ગુજરાત યુનિવર્સિટીમાંથી રાજ્ય–શાસ્ત્રના પ્રોફેસર તરીકે નિવૃત્ત થયેલ પ્રો. એમ. જી. પારેખ, એમના 'પર્યાવરણની સમસ્યાઓ' (ઇ. સ. ૧૯૯૪) નામના પુસ્તકની 'પ્રસ્તાવના'માં, અનામી માટે લખે છે : "અત્રે મારા અંગત ઉત્કર્ષમાં અને પર્યાવરણના વિષયના મારા ખેડાણની બાબતમાં સીધી યા આડકતરી રીતે ફાળો આપનાર મિત્રો અને સાથીઓનો મારે ઉલ્લેખ કરવો જોઇએ. મારા અંગત ઉત્કર્ષમાં અને કારકિર્દીના ઘડતરમાં 'અનામી' (ડો. રણજિત પટેલ) નો ખાસ ઉલ્લેખ કરવો જોઇએ."

ઇ. સ. ૧૯૩૬માં, સૂરત ખાતે કોમર્સનો કોર્સ કરતા કરતા, રણજિત ડભોડાકરને નામે પ્રગટ થયેલ 'રણજિત રત્નાવલિ ભાગ–૧' એ લેખકનું ગદ્યમાં થયેલું પ્રથમ પ્રકાશન અને ઇ. સ. ૧૯૯૧માં એમનું છેલ્લું પ્રકાશન થયું તે એમનો કાવ્યસંગ્રહ 'આપણીવાત'. આમ, ૧૯૩૬થી ૧૯૯૧ સુધી, એટલે કે લગભગ સાડાપાંચ દાયકા સુધી, એમની લેખન–પ્રવૃત્તિ અવિરત ચાલુ રહી છે. આ સમય દરમિયાન લેખક સતત વિકસતા રહયા છે. આજે પણ તેઓ તાજગીસભર કાવ્યકૃતિઓનું સર્જન કરતા રહે છે. એમનું સાહિત્યસર્જન સંખ્યા, સત્ત્વ અને વૈવિધ્યમાં સમૃધ્ધ છે.

કવિવર નાનાલાલની ડોલનશૈલીમાં રણજિત પટેલે 'અજિત'

નામે એક નાટક (ઇ.સ. ૧૯૩૫, અપ્રગટ) લખ્યું છે. તેમાંનો જે કેટલોક ભાગ 'રણજિત રત્નાવલિ ભાગ-૧' માં ઉદ્ધૃત કર્યો છે (પૃ. ૩ થી ૫), તે વાંચતાં રણજિત પટેલ પર નાનાલાલની કેવી ગાઢ અસર છે, અને ડોલનશૈલીનું કેવું સફળ અનુકરણ તેઓ કરી શક્યા છે, તેની પૂર્ણ પ્રતીતિ થાય છે.

વસ્તુતઃ અનામી બહુમુખી પ્રતિભા ધરાવતા સાહિત્યકાર છે. એમણે લઘુ અને દીર્ઘ નિબંધો લખ્યા છે. 'તસ્મૈ શ્રીગુરુવે નમઃ' માં એમણે એમના કેટલાક પૂજ્યપાદ વિદ્યાગુરુઓનાં શબ્દચિત્રો આલેખ્યાં છે. એમણે કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું જીવનચરિત્ર લખ્યું છે; 'ત્રણ વૈશાખી પૂર્ણિમા' નામે ભગવાન બુધ્ધના જીવનકાર્યને વિષય બનાવી કવિવર નાનાલાલની રીતિએ નાટક લખ્યું છે; 'ભણેલી ભીખ અને બીજી વાતો' નામનો વાર્તાસંગ્રહ પ્રગટ કર્યો છે, 'મણિ-બાલ શતાબ્દીગ્રંથ' અને 'શમાળ' જેવાં સંપાદનો કર્યાં છે અને મલયચંદ્રની 'સિંહાસન બત્રીસી'ના સંપાદન સાથે અન્ય અઢાર સિંહાસન બત્રીસીઓના તુલનાત્મક અધ્યયન દ્વારા સંશોધકની વિરલ શક્તિ દાખવી છે.

પરંતુ એમનું સમૃધ્ધ પ્રદાન તો છે કવિતાક્ષેત્રે. ઇયત્તા, ગુણવત્તા, વિવિધતા - તમામ દૃષ્ટિએ તે સમૃધ્ધ છે. એમના કાવ્યસર્જનનું વહેણ દીર્ઘ સમયપટ પર વિસ્તરેલું છે, અને તે આજસુધી સતત વહેતું રહ્યું છે. એમની સર્ગશક્તિનો ખરો અને સર્વોચ્ચ ઉન્મેષ એમની કવિતામાં પ્રગટ થયેલો જોવા મળે છે.

અનામીમાં કવિત્વ સહજ યા ઇશ્વરદત્ત છે. તેઓ જન્મજાત કવિ છે. એ કવિત્વને પોષ્યું છે એમના અભ્યાસકાળ દરમિયાનના સન્નિષ્ઠ શિક્ષક-સંપર્કોએ અને ગુજરાતી સાહિત્યના પંડિતયુગના

કાન્ત, નાનાલાલ, ઠકોર આદિ મુખ્ય મુખ્ય કવિઓની સર્જનાત્મક કૃતિઓએ. જીવન અને જગતનો એમનો અનુભવ વિશાળ અને ઊંડો છે. અંગ્રેજી તેમજ સંસ્કૃત સાહિત્યના સતત વ્યાસંગે એમનો અભ્યાસ તાજો અને તેજસ્વી રહ્યો છે. લગભગ છેલ્લા છ દાયકાથી એમનું કાવ્ય-સર્જન અવિરત ચાલુ રહ્યું છે, એ એમના નિરંતર અભ્યાસનું અને સર્ગશક્તિનું દ્યોતક છે.

કવિ અનામીના નવ કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે. ઇ.સ. ૧૯૩૮માં, એમના વિદ્યાગુરુ અનંતરાય રાવળની પ્રસ્તાવના સાથે એમનો પ્રથમ કાવ્યસંગ્રહ નામે 'કાવ્યસંહિતા' પ્રગટ થયો. 'જન્મ-ભૂમિ' પત્રના 'કલમ-કિતાબ' વિભાગમાં ઝવેરચંદ મેઘાણીએ તેને સારો આવકાર આપેલો અને એમના 'સહારને અંતે' કાવ્યની ખૂબ પ્રશંસા કરેલી. રાવળ સાહેબે એના લાંબા કથાત્મક પરલક્ષી કાવ્યોની નોંધ લીધી, તો કવિ પતીલે એમના 'બા' કાવ્યને ગુજરાતી કવિતાનું નજરાણું ગણાવ્યું. ઇ.સ. ૧૯૪૭માં, આપણા પ્રતિષ્ઠિત વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની 'પ્રસ્તાવના' સાથે કવિનો દ્વિતીય કાવ્યસંગ્રહ 'ચક્રવાક' પ્રગટ થયો. પ્રો.બ.ક. ઠાકોરની રીતિના ચિંતનપ્રધાન પ્રણયકાવ્યો માટે આ સંગ્રહ ગુજરાતી કવિતાક્ષેત્રે જાણીતો થયો છે. 'વ્યક્તિત્વનું તળપદું પોત' નામના લેખમાં ('સંભારણું', ઇ.સ. ૧૯૭૭) સુરેશ જોશી અનામીને 'ચક્રવાકના કવિ' તરીકે ઓળખાવે છે. ઇ.સ. ૧૯૫૭ની સાલમાં કવિના ત્રણ કાવ્યસંગ્રહો – 'સ્નેહશતક', 'સારસ' અને 'ત્રિવેણી' નું પ્રકાશન થયું. 'સ્નેહશતક'ની વિશિષ્ટતા એ છે કે તેમાં સો કાવ્યોનો સમાવેશ થયો છે, અને આ બધા જ કાવ્યો સ્નેહ-વિષયક છે. 'સારસ'માંના મોટાભાગના કાવ્યો સુગેય છે; અને 'આકાશવાણી' પરથી તે અવારનવાર પ્રસારિત થતા રહ્યા છે. વિવિધ સંસ્કૃત

વૃત્તોમાં અને દેશી રાગો-ઢાળોમાં પ્રસારિત થતી રહેતી કવિ અનામીની કાવ્યસૃષ્ટિ લોકભોગ્ય રહી છે. 'ત્રિવેણી'ના કાવ્યોમાં ભારતની સ્વતંત્રતા અને એ સ્વતંત્રતાને શક્ય બનાવનાર પૂ. ગાંધીજી અને સરદાર પટેલ જેવા રાષ્ટ્રનેતાઓ વિષયક કાવ્યો ઝાઝાં છે. 'સ્નેહશતક' અને 'ત્રિવેણી'ની તુલનાએ 'સારસ'ની કાવ્યસૃષ્ટિ સવિશેષ સમૃધ્ધ છે. તેમાં આયાસ અને કૃત્રિમતા ભાગ્યે જ દેખાય છે. તેમાંના વ્યક્તિનિષ્ઠ પ્રણય ગાતાં કાવ્યોમાં સચ્ચાઇનો રણકો સંભળાય છે.

કવિના છઠ્ઠા કાવ્યસંગ્રહ 'પરિમલ' (ઇ. સ. ૧૯૬૫)ની બાની સંસ્કૃતમય છે. કાવ્યોના વિષયો ગાંધી-કેન્દ્રી છે, તો શૈલી--નિરૂપણ ઠાકોરશાઇ છે. પરિણામે, અહીં અનામી-શૈલી ક્વચિત્ દુર્બોધ નહીં તો કષ્ટપ્રદ બને છે. આમ છતાં, પાટીલાં ઊર્મિકો, સુગ્રથિત સૉનેટો, ચોટદાર મુક્તકો અને ભાવાનુરૂપ લયહિલ્લોલવાળાં ચારુ ગીતોનો આ કાવ્ય -'પરિમલ' એકંદરે આનંદપ્રદ છે. અઢીસો ઉપરાંત કાવ્યરચનાઓ અને બાણુંથીય વધુ મુક્તકો -હાઇકુઓ લઇને આવેલો 'રટણા' ઇ.સ. ૧૯૮૩ કાવ્યસંગ્રહ અનામીનો જૂની પેઢીના એક નોંધપાત્ર કવિ તરીકે પરિચય કરાવે છે. ગાંધીયુગ અને પંડિતયુગની કવિતાનો સંદર્ભ તાજો કરી આપતી 'રટણા'ની રચનાઓ કવિ અનામીના કવિપદનું સમર્થન કરે છે. રમણલાલ જોશીએ એમના એક લેખમાં 'રટણા'ને 'આધુનિકતાના ઉછાળા વચ્ચે પરંપરાના ભીના હિલ્લોળ' જેવો કહયો છે. સંક્ષેપમાં એમ કહી શકાય કે 'રટણા'માં કવિ અનામીનું જે કંઇ શ્રેષ્ઠ છે તેની સુચારુ અભિવ્યક્તિ સફળતાપૂર્વક થઇ છે.

'સારસ' કેવળ ગીતોનો, 'સ્નેહશતક' કેવળ પ્રણયકાવ્યોનો, તો 'અનામી-ભક્તિ-સુધા' (ઇ. સ. ૧૯૭૦) કેવળ ભક્તિકાવ્યોનો

કવિનો આઠમો કાવ્યસંગ્રહ છે. આ કાવ્યસંગ્રહનું શીર્ષક બેઉ અર્થમાં સાર્થક છે : એક તો, કવિ અનામીની ભક્તિ; અને બીજું - અનામી એટલે કે પરમતત્ત્વ પ્રત્યેની ભક્તિ-સુધા. આમ, એના શીર્ષકમાં અનામી તખલ્લુસનો તથા પરમતત્ત્વના નામનો પણ ગર્ભિત નિર્દેશ છે. કવિની આ બે પંક્તિઓ સૂચવે છે તે પ્રમાણે :

મેં પ્રેમ-ભક્તિ અધિકી પ્રમાણી :

ભક્તિસુધાની વહી સૌમ્ય વાણી.

અર્થાત્, એમની સમગ્ર કાવ્યપ્રવૃત્તિમાં, વિશેષતઃ આ કાવ્યસંગ્રહમાં, તો પ્રેમભક્તિ તેમજ ભક્તિપ્રેમની સરવાણી સાદ્યંત વહેતી અનુભવાય છે. આ ભક્તિ-સુધાની વાણી નાનાલાલીય કુળની છે. એમાં ભિન્નતા એટલી જ કે, એમાં કવિના હૃદય ઉપર વૈરાગ્યનો ગેરુઓ રંગ ચડેલો સ્પષ્ટ પ્રતીત થાય છે. એક તરફ, અનામીમાં દૃઢ વૈરાગ્યભાવના છે, તો બીજી તરફ લલિતમધુર ગોપીભાવ. ગોપીભાવે કવિ જ્યારે ગાય છે, ત્યારે હૃદયની આરત પ્રગટ થાય છે; અને એમના વૈરાગ્યભાવમાંથી જન્મે છે આત્મસંસ્થિતિની અભીપ્સા. એમનાં ભક્તિકાવ્યો પ્રાસાદિક અને મધુર છે.

'આપણી વાત' (ઇ.સ. ૧૯૯૧) કવિ અનામીનો છેલ્લો અને નવમો કાવ્યસંગ્રહ છે. 'આપણી વાત' નામના એક કાવ્ય ઉપરથી કાવ્યસંગ્રહનું નામ રખાયું છે. ઇ.સ. ૧૯૯૦-૯૧ માં લખાયેલાં લગભગ ૧૩૯ કાવ્યો અહીં સ્થાન પામ્યાં છે. સુભાષ દવે 'આપણીવાત'ની કવિતાને યથાર્થ રીતે ઓળખાવતાં 'ફ્લેપ' પર લખે છે :

"અવસાદ અને આનંદ - એવી પરસ્પર વિરોધી ભાવ--સ્થિતિઓની અનુભૂતિ 'આપણી વાત'નું ભાવજગત છે. તનમનની વિષમતા, નગર-માહોલની અરાજકતા અને ભીતરથી વરવો માનવી અવસાદને પ્રસવે છે, તો પ્રણય અને પ્રકૃતિજગત આનંદ પ્રસારે છે.

છાંદસ-અછાંદસ અને ગેયતાના અકૃતક સંસ્કારોથી સંપન્ન પ્રશિષ્ટ તેમજ તળપદો બાનીસંદર્ભ અવસાદ, આક્રોશ અને વિસ્મય-આનંદની અંગત ભાવદશાઓનું એવું તો રૂપાન્તર, અહીં, કરે છે કે સહજ રીતે જ ભાવક-ચેતના 'રસ'તરબોળ થઇ શકે છે." હસમુખ પટેલે ('શૂન્યમ્') 'આપણી વાત'નાં (રાષ્ટ્રભક્તિ અને સ્વદેશ-પ્રેમના) કાવ્યોને નાનાલાલના એ પ્રકારના કાવ્યો પછી સ્થાન પામે એવા છે એમ એમના 'સ્થિરવૃત્તિની કવિતા' (તાદૅર્થ્ય, વર્ષ-૬, અંક-૧૧, જૂન ૧૯૯૨) લેખમાં કહ્યું છે. કવિના અગાઉના આઠેય કાવ્યસંગ્રહોની તુલનાએ 'આપણી વાત'ની વાત કરતાં/ભોગીલાલ સાંડેસરા લખે છે: "'કાવ્યસંહિતા' ને 'ચક્રવાક'થી માંડી આજસુધીની તમારી કાવ્યરચના-પ્રવૃત્તિથી હું સુપરિચિત છું અને એના ઉત્તરોત્તર થયેલા ભાવોત્કર્ષથી, જીવનના અનેકવિધ અનુભવોના કાવ્યમય પરિપાકથી, છંદો-વૃત્તો તથા ગીતરચના ઉપરના પ્રભુત્વથી તેમજ અનિષ્ટો પ્રત્યે પુણ્યપ્રકોપ છતાં આક્રોશના અભાવથી આનંદ પામ્યો છું...." (તા. ૨૪-૧૨-૯૧ના લાંબા પત્રમાંથી). 'આપણી વાત' અનામીની પરિણત પ્રજ્ઞાનું સુફળ છે.

કવિ અનામીએ ગીત, સૉનેટ, ખંડકાવ્ય, પ્રસંગકાવ્ય, ભજનીગીતો, ગઝલ, મુક્તક, હાઇકુ - એમ વિવિધ કાવ્યસ્વરૂપોમાં પોતાના સંવેદનવિશ્વને સાકાર કર્યું છે. એમનો કવિતાકાળ, નાનાલાલના ગેતોની જેમ, બ. ક. ઠાકોરના સૉનેટ કાવ્યોથી પણ ઘણો પ્રભાવિત હતો. એમણે બધા જ પ્રકારના સૉનેટ લખ્યા છે. એમના કેટલાક સૉનેટમાં નિરૂપાયેલ પ્રાસનાવીન્ય ધ્યાનાર્હ છે. તેઓ કાવ્યપદાવલિની બાબતમાં જેમ સવ્યસાચી છે, તેમ છાંદસ કાવ્યો અને સુગેય ગીતો લખવાની બાબતમાં પણ સવ્યસાચી છે. એમનો આખો કાવ્યસંગ્રહ નામે 'સારસ' તો 'આકાશવાણી' પરથી

પ્રસારિત થયેલાં ગીતોનો જ સંગ્રહ છે. 'આકાશવાણી'ના આપણા સારા અને લોકપ્રિય કવિઓમાં અનામીની ગણના થાય છે.

અનામીની કવિતામાં નિરૂપિત અલંકારસમૃધ્ધિ ધ્યાન ખેંચે તેવી છે. ઉચિત અલંકાર યોજનામાં એમની કવિત્વશક્તિનું સમ્યક્ દર્શન થાય છે. આ ઉપરાંત, એમણે કેટલાય પ્રચલિત ભાવપ્રતીકોનો એમની કવિતામાં કલાત્મક વિનિયોગ કર્યો છે. ભાષાની બાબતમાં તેઓ સવ્યસાચી છે. તત્સમ શબ્દો અને તળપદા શબ્દોનો વિવેક-પૂર્વકનો ઉપયોગ તેઓ એમની કવિતામાં સફળતાપૂર્વક કરી શકે છે. એમની બાનીમાં એક પ્રકારની બલિષ્ઠતા પણ વરતાય છે.

છંદવૈવિધ્ય એ અનામીની કવિતાનો એક આગવો વિશેષ છે. અનેક સંસ્કૃત વૃત્તોનો તથા દેશી ગેય ઢાળો અને રાગોનો ઉપયોગ તેઓ નિરાયાસે કરી શકે છે. એમના છંદ સાફ છે. એમનું છંદો પરનું પ્રભુત્વ એટલુંબધું સહજ છે કે ઘણીવાર તેઓ અંગત મિત્રોને પત્રો લખે છે તે પણ પદ્યમાં. તેઓ સ્વજનોને નૂતન વર્ષાભિનંદનો નિયમતઃ પદ્યમાં જ પાઠવે છે, અને એમની સંખ્યા સેંકડોની હોય છે. કોઇ સ્વજનના જન્મદિનનો મંગલ અવસર હોય કે કોઇ મિત્ર-દમ્પતીના લગ્ન-જીવનનો વિશિષ્ટ પ્રસંગ હોય ત્યારે પણ તેઓ પદ્યમાં શુભાશિષો કે આશીર્વાદ પાઠવે છે. એમની આવી વૃત્તિ-પ્રવૃત્તિ એમના શીઘ્ર કવિત્વની અને કવિતાના સ્વરૂપવિશેષ પરના પ્રભુત્વની ઘોતક છે. કોઇ લેખક એનું પુસ્તક અનામીને ભેટ રૂપે મોકલે, તો તેઓ એની પહોંચ તો લખી મોકલે પણ સાથે તદ્વિષયક પોતાનો પ્રતિભાવ પણ ઘણેભાગે કાવ્યમાં જ પાઠવે. એમના એક મિત્રે એમને રજનીશજીનું 'સંભોગથી સમાધિ' પુસ્તક ભેટરૂપે મોકલ્યુ, તો તેનો એમણે કાવ્યમાં પ્રત્યુત્તર પાઠવ્યો, જે કવિની કાવ્યપ્રીતિ અને કાવ્યસિધ્ધિ ઉપરાંત એમના જીવનદર્શન અને મૂલ્યબોધનો ય ઘોતક છે :

સંભોગથી સમાધિ તરફ તો
રજનીશજીના જન્મ પૂર્વે પહોંચા.
પણ લાગેલી એ સમાધિ
તૂટતી નથી કે છૂટતી જ નથી !
કામધારા અમારા રામ તો
ક્યારનાય રમી ગયા છે !
દેવપોઢી અગિયારસ ચાલે છે,
અમૃતમાં આગ અટવાઈ ગઈ છે.
વાસનાના વ્હેણમાં
સમર્પણના સાગર તણાઈ ગયા છે.
કિચ્ચડમાં કામનાનાં કમળ ખીલ્યાં છે,
કામાત્ ક્રોધોભિજાયતે બોલનાર કૃષ્ણ
એ કમળ સૂંઘ્યા કરે છે.

— — — —

પશુ-પક્ષી સૃષ્ટિ ક્યું કામશાસ્ત્ર ભણે છે?
માનવીથી વધુ સંયમી હોય છે
એમની કામ ક્રીડા.

— — — —

બન્ને અંતિમોને ત્યજવાની વાત
આજથી અઢી હજાર વર્ષો પૂર્વે
ભગવાન તથાગતે ન્હોતી પ્રબોધી ?
મધ્યમપ્રતિપદામાર્ગ ——
એ જ માનવકુલનો રાજમાર્ગ છે.

કવિનો આ પત્ર ઉત્તર છે, વિવેચન છે અને સ્વયં વિચારપ્રધાન કાવ્ય પણ છે.

આમ, અનામી નિબંધ-લેખક, જીવનચરિત્રકાર, નવલિકાકાર, નાટ્યલેખક, વિવેચક, સંપાદક, સંશોધક અને અનુવાદક હોવાની સાથે કવિ – સૌ પ્રથમ કવિ –– છે. કવિતાક્ષેત્રે થયેલું એમનું અર્પણ સર્વાધિક, વિપુલ અને સુદીર્ઘ સમયપટ પર વિસ્તરેલું છે. એમની કવિતા પંડિતયુગ અને ગાંધીયુગની કવિતાની લાક્ષણિકતાઓને પ્રગટાવવાની સાથે પોતાની પણ એક આગવી મુદ્રા પ્રગટાવે છે. એમાં સંખ્યા, સત્ત્વ અને વૈવિધ્યની ધ્યાનપાત્ર સમૃધ્ધિ છે. અને આ સમૃધ્ધિ ભાવકના મન અને હૃદય ઉભયને સ્પર્શી જાય તેવી છે તેમજ વિવેચકોને ય ગમી જાય તેવી છે. ગાંધીયુગીન સારા કવિઓમાં, તેથી જ, એમનું સ્થાન છે. એમનું સાહિત્યસર્જન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં કોઇ ખૂટતી કડીને જોડનારું યા કોઇ રહી ગયેલ અવકાશને પૂરનારું એક મહત્ત્વનું ઘટક બની રહેશે, એમ અવશ્ય કહી શકાય.

# માનવ મધુકરને.

પાપે તાપે, કુડકપટને ભેદેખેદે થી જ્યારે
માઝા છાંડી, કટુભવજલધિ પાપ છોળો ઉડાડી
ઉલ્કાપાતો જગપર ઝરતા વ્યોમતિમિર છાયાં રાડી.
ત્યાં તો વીરા વિજ સમ ઝબકી તું ચગ્યો વ્યોમભાલે.

ગ્રામે, દેશે, જનગણમનમાં રાજ્યસામ્રાજ્ય માંહી
પિતા પુત્રે, જનનિ, વનિતા, દુહિતા આત્મવર્ગે.
વૈરે દાઝ્યાં, રિપુ બની રહ્યાં, જીવને ઝેર પાયાં
જ્ઞાનામૃતના જીવનઝરમાં વિષ ખાંખેરી નાંખ્યાં.

પ્રાણી, પક્ષી, પશુ પવનને, પાણી કે પુષ્પમાંહી
પર્ણે, પર્ણે, ગીરિ, દ્રુમ, જડે, ચેતને વલોવાએ.
ધરણી મૈયા ઉરથકી [illegible] ઉલટે શોકે નૈરાશ્યજ્વાલા
તારા શીળા પ્રણય છલકતા હોજમાં સૌ લપાયાં.

ઝંઝાવાતે જગ અણદીઠા કે મહા કો તુફાને
ઉલ્કાપાતો જીવનતિમિરે કે રેડેલા અનિલે.
શ્રદ્ધા, ઈચ્છા, અવનિ અનુપમા આત્મશ્રદ્ધાની જ્યોતે
ફૂંકી, ગાંઠી જગ કટુ કળશા જ્ઞાન જ્યોતે જલાવ્યાં.

ધર્મે, કર્મે, જીવન કવને દંભના દોર દેખ્યાં
ન્યાયે, પુણ્યે, નીતિ, શ્રુતિમહીં પાપનાં પાય પેખ્યાં.
શ્રેયોધારા શૂરધાર રેણકે આત્મકોકિલ કુંજે
ધીરા નાદે ધરણી થાળને આત્મનવનીત માણ્યાં.

ધર્મો, કર્મો, જીવનરસોમાં છે અતિ બાહ્યભાસી
સૂક્ષ્માર્થીના, ઝાંખરી શકે શુદ્ધ ઉચ્ચાભિલાષી

ખેંચે તું તો મધુર મધુરો જે મધુ સૂક્ષ્મ બાહ્યે
ખેંચે ના શું મનુજ મધુકરો જ્ઞાનદૈવી મધુ એ.

ગીતાનું તેં તનમન ધનથી જીવને સામ સાધ્યું
ભેદી કુડા દંભ કરતાં જીવને સત્ય લાધ્યું.
બાધો ભાવો તરબતર થતો યુગ સંદેશ પાશે?
સ્પૃશ્યા સ્પૃશ્યો મધુકર શાન્તિથી કો'દિ શું એ ભૂલે મા?

ભાવી સૃષ્ટિ પછી જ વિલસે દૈવી કર્તવ્ય સૃષ્ટિ.
એ સૃષ્ટિ તેં રચી અતિ ગતિલી માનવે પ્રેરણા દે.
દાને, પુણ્યે, ધરમ મરમે પુરુષાર્થે જ પ્રેમે
સેવા શી તેં અનુપમ જગની સાધી હે સૂત્રધાર!

સૃષ્ટિ શાંતિ કદિ નવ હણ્યાં તેં સૂઝ આત્મક્રાંતિ.
એ ક્રાંતિનું યુગલ નીપજ્યું રાજ્ય ને વિશ્વક્રાંતિ.
ઊંડેરવણો નીરસમ રચનો ચિત્તને જ્ઞાન સીંચ્યું
શાંતિ મંત્રો જગ ઝર પલટ્યું યોગી, સાધુ, ફરિસ્તા.

તારૂં જાદુ યમનિયમમાં છે જડ્યું; શાંતિદાતા
સૂક્ષ્મે સ્થૂલે મધુકર બને જિંદગી જિંદગીમાં.
માથાં ઝૂકે અયિ વિભુપ્રણેતા કે અયિ જ્ઞાનદાતા
શાંતિ દેવા: અયિ ઉર રસીલા રાષ્ટ્રના કો' વિધાતા.

તારા રૂડા, લલિત વિકસતા વિકસ્યા કો' મધુરા
સોહન્તા એ જીવન સુમનેથી પરાગો ધુરે છો
પીને શાંતિ થકી લળી ઢળી વિસ્તરે આત્મપુષ્પો
ફાલે, ફૂલે, જીવનદ્રુમને કો' ક્ષણે એ રેળ છો.

1933.

શ્રી કડવા પાટીદાર આશ્રમ.
કડી.

# હવે સાયંકાળે

હવે સાયંકાળે અસલ મુજ નાકે ચઢ્યું જવા,
જૂના સંબંધોનાં પડળ ઉખળે કૈં અવનવાં.
ઘણા સંબંધોનાં મૂળ, વિટપ, શાખા ન સમજ્યો,
પછી કાળે કાળે કટુ-મધુ રસોનાં સ્વાદ પરખ્યો!

ખરું જો પૂછો તો હજી પણ શીખ્યો હું નથી કળા,
જૂના સંબંધોની રગ, ગતિ, દિશા ઢૂંઢતો રહ્યો!
નિશાળો ગાળું છું ગઢ સમજવાને રહી રહી,
ઘણા તાણાવાણા અસલ-નકલી છે! કયા, 'કયાં'!

પ્રગલ્ભાવસ્થામાં હૃદય રસની વાત નરવી!
હજી બીજા હાથે અનુભવ તણી ભાત ગરવી.
હવે ક્રાન્તિ-શાન્તિ, સરવરજલે ધોધ વિરમ્યા,
હશે સ્વપ્ને ભ્રાન્તિ! ઉદધિ વડવાગ્નિ ભડ શમ્યા!

હવે સંધ્યાકાળે દ્યુતિ-તમસ-સંધ્યા નિરખતો,
અનામી કૈં આજે અરધ-ઉરધે હંસ ઊડતો.

'ઉદ્દેશ', ફેબ્રુઆરી, ૨૦૦૫.
(પૃ. ૨૮૨)

ડૉ. રણજિત એમ. પટેલ
(અનામી)
વડોદરા ૨૦૦૫

## પરિશિષ્ટ – ૨

### કવિજીવન–કવન : સાલવારી

'અનામી' – શ્રી રણજિતભાઈ મોહનલાલ પટેલ

| | | |
|---|---|---|
| ૧૯૧૭ | : | ૨૬ જૂનના રોજ ડભોડા (જિ. ગાંધીનગર) ગામે જન્મ. માતા ચંચળબહેન, પિતા મોહનલાલ પટેલ. |
| ૧૯૨૩ થી ૧૯૨૯ | : | બાલ્ય અને પ્રાથમિક વિદ્યાભ્યાસ ડભોડાની ગુજરાતી શાળામાં. |
| ૧૯૨૯ થી ૧૯૩૩ | : | કડી–સર્વવિદ્યાલયમાં માધ્યમિક વિદ્યાભ્યાસ. |
| ૧૯૩૪–૩૫ | : | ચરોતરની વિખ્યાત ડી. એન. હાઈસ્કૂલમાંથી મેટ્રીક પાસ. |
| ૧૯૩૫ | : | કુ. લક્ષ્મીબહેન સાથે લગ્ન. |
| ૧૯૩૫–૩૬ | : | કડી–સર્વવિદ્યાલયમાં એક વર્ષ શિક્ષક તરીકેની કામગીરી. |
| ૧૯૩૬ | : | સૂરતમાં 'રણજિત રત્નાવલિ' નામક સ્વચિંતન કણિકાઓની પુસ્તિકાનું પ્રકાશન. |
| ૧૯૩૬–૩૭ | : | છ માસ કલકત્તાની એક ઝવેરીની પેઢીમાં નોકરી. |
| | : | ત્રણ માસ સિનેમાક્ષેત્રે કરેલી કામગીરી. |
| | : | બનારસ ખાતે વિશ્વનાથ મૂવીટોન માં જોડાયા. |
| ૧૯૩૭–૩૮ | : | અમદાવાદના વિખ્યાત દૈનિક 'ગુજરાત સમાચાર' અને સાપ્તાહિક 'પ્રજાબંધુ'માં કામગીરી. |
| ૧૯૩૮ | : | 'અનામી'ના તખલ્લુસથી, અનંતરાય રાવળની પ્રસ્તાવના સાથે, પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્યસંહિતા'નું પ્રકાશન. |

૧૯૩૮ થી ૧૯૪૨ : ગૂજરાત કોલેજ અમદાવાદમાં વિદ્યાભ્યાસ.

૧૯૩૮ : ગૂજરાત વિદ્યાસભા દ્વારા પ્રકાશિત 'દાંત અને તેની સંભાળ' ઇનામી નિબંધનું પ્રકાશન.

૧૯૪૦ : ગૂજરાત વિદ્યાસભા દ્વારા પ્રકાશિત 'સહશિક્ષણ' ઇનામી નિબંધનું પ્રકાશન.

૧૯૪૨ : મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય સંસ્કૃત સાથે બી. એ. ની પરીક્ષા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ.

૧૯૪૩ : મુંબઇ યુનિવર્સિટીમાંથી પ્રથમ એલ એલ. બી. ની પરીક્ષા પાસ.

: અભ્યાસકાળ દરમિયાન અમદાવાદની ઠાકર્સ ગર્લ્સ સ્કૂલમાં નોકરી.

૧૯૪૪ : મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય સંસ્કૃત સાથે એમ. એ. ની પરીક્ષા ઉચ્ચતર દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ.

: સેકન્ડ એલ એલ. બી. ની ટર્મ્સ મંજૂર.

: ફાર્બસસભા દ્વારા પ્રકાશિત 'ગુજરાતણોની શરીર-સંપત્તિ' ઇનામી નિબંધનું પ્રકાશન.

: શેઠ જી. સી. હાઇસ્કૂલ પિલવાઇમાં એક વર્ષ શિક્ષક તરીકે કામગીરી.

૧૯૪૫-૪૬ વડોદરામાંથી બી. ટી. ની પદવી મેળવી.

૧૯૪૬ થી ૧૯૫૦ : પેટલાદની શ્રી આર. કે. પરીખ આર્ટ્સ કોલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે.

૧૯૪૭ : પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની પ્રસ્તાવના સાથે 'ચક્રવાક' કાવ્યસંગ્રહનું પ્રકાશન.

૧૯૫૦ થી ૧૯૫૮ : નડિયાદની સી.બી. પટેલ આર્ટ્સ કોલેજમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને છેલ્લે વાઇસ પ્રિન્સિપાલ તરીકેની કામગીરી.

૧૯૫૩: : મુંબઇ રાજ્ય દ્વારા યોજાયેલી કાવ્યસ્પર્ધામાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત.

૧૯૫૫ : 'ભણેલી ભીખ અને બીજી વાતો' વાર્તાસંગ્રહનું પ્રકાશન.

૧૯૫૫–૫૬ : નડિયાદમાં ઉજવાયેલ 'ગોવર્ધનરામ શતાબ્દી' સમિતિના મંત્રી તરીકે.

: 'શ્રી ગોવર્ધન સાહિત્યસભા'ની સ્થાપનાના એક આદ્ય સ્થાપક.

: નડિયાદમાં ઉજવાયેલ 'મણિ–બાલ શતાબ્દી' સમિતિના એક મંત્રી તરીકે.

: ગુજરાતી સાહિત્યપરિષદના મંત્રી.

: અધ્યાપક સંમેલનના મંત્રી.

૧૯૫૭ : 'સ્નેહશતક', 'સારસ', 'ત્રિવેણી' – ત્રણ કાવ્યસંગ્રહોનું પ્રકાશન.

૧૯૫૮ : ડો. રામચંદ્ર ના. પંડયાના સહયોગથી 'મણિ–બાલ શતાબ્દિગ્રંથ' અને 'અર્વાચીન ગુજરાતી સાહિત્યના સ્વરૂપોની વિકાસરેખા'નું પ્રકાશન.

૧૯૫૮ : વડોદરાની મ: સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના રીડર.

૧૯૬૧ : મ. સ. યુનિવર્સિટી તરફથી ઉજવાયેલ 'રવીન્દ્ર શતાબ્દી' માટેની સમિતિના એક મંત્રી.

: શ્રી ભોગીલાલ ગાંધી સંયોજિત ગુર્જર કાવ્યશ્રેણીનું, 'શામળ' વિષયક સંપાદનનું, મ. સ. યુનિવર્સિટી ધ્વારા પ્રકાશન.

૧૯૬૫ : 'ટાગોર : જીવન-કવન' નામક ચરિત્રાત્મક કૃતિનું પ્રકાશન.

: 'પરિમલ' કાવ્યસંગ્રહનું પ્રકાશન.

: 'આપણું રાષ્ટ્રગીત' નામે દીર્ઘ નિબંધનું પ્રકાશન.

૧૯૭૦ : મલયચંદ્રકૃત 'સિંહાસનબત્રીસી' નામક શોધપ્રબંધનું લેખન અને પ્રકાશન.

૧૯૭૫ : વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ.

: 'સતસૌરભ' ગ્રંથનું સંપાદન.

૧૯૭૭ : નોકરીમાંથી નિવૃત્તિ (તા. ૩૦-૬-૧૯૭૭).

૧૯૮૩ : 'રટણા' કાવ્યસંગ્રહનું પ્રકાશન.

૧૯૯૦ : 'અનામી-ભક્તિ-સુધા' કાવ્યસંગ્રહનું પ્રકાશન.

૧૯૯૧ : 'ત્રણ વૈશાખી પૂર્ણિમા' નામે ત્રિ-અંકી નાટકનું
પ્રકાશન.

: 'આપણી વાત' કાવ્યસંગ્રહનું પ્રકાશન.

૧૯૯૩-૯૪ : સાહિત્યક્ષેત્રે સેવા બજાવવા અંગે, 'અખિલ ગુજરાત
કડવા પાટીદાર પરિષદ' આયોજિત 'પાટીદાર
રત્ન એવોર્ડ' એનાયત.

## પ રિ શિ ષ્ટ - ૩

## અનામી રચિત પ્રકાશિત કૃતિઓની સૂચિ

### ૧. પુ સ્ત કો

**ક વિ તા**

૧. કાવ્યસંહિતા, પ્રથમ આવૃત્તિ ૧૯૩૮, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

૨. ચક્રવાક, પ્રથમ આવૃત્તિ ૧૯૪૭, એજ્યુકેશનલ પબ્લિશિંગ કંપની, વડોદરા.

૩. સ્નેહશતક, પ્રથમ આવૃત્તિ ૧૯૫૭, અજય પ્રિન્ટરી, વડોદરા.

૪. સારસ, પ્રથમ આવૃત્તિ ૧૯૫૭, ચેતન સાહિત્યમંદિર, અમદાવાદ.

૫. ત્રિવેણી, પ્રથમ આવૃત્તિ ૧૯૫૭, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

૬. પરિમલ, પ્રથમ આવૃત્તિ ૧૯૬૫, અનામી પ્રકાશન, વડોદરા.

૭. રટણા, પ્રથમ આવૃત્તિ ૧૯૮૩, અનામી પ્રકાશન, વડોદરા.

૮. અનામી-ભક્તિ-સુધા, પ્રથમ આવૃત્તિ ૧૯૯૦, અનામી પ્રકાશન, વડોદરા.

૯. આપણીવાત, પ્રથમ આવૃત્તિ ૧૯૯૧, અનામી પ્રકાશન, વડોદરા.

**ન વ લિ કા**

૧૦. ભણેલી ભીખ અને બીજી વાતો, પ્રથમ આવૃત્તિ ૧૯૫૫, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

૧૧. ત્રિવેણી (તેમાના વાર્તા વિભાગમાની વાર્તાઓ), પ્રથમ આવૃત્તિ ૧૯૫૭, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

## ના ટ ક

૧૨. ત્રણ વૈશાખી પૂર્ણિમા – ત્રિઅંકી નાટક – પ્રથમ આવૃત્તિ ૧૯૮૧, અનામી પ્રકાશન, વડોદરા.

## વિ વે ચ ન

૧૩. અર્વાચીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપોનો વિકાસ ડો. રામચંદ્ર પંડયાના સહયોગથી, પ્રથમ આવૃત્તિ ૧૯૫૮, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

## સં શો ધ ન

૧૪. સિંહાસનબત્રીસી નામે બૃહત્ નિબંધ, પ્રથમ આવૃત્તિ ૧૯૭૦, મ. સ. યુનિવર્સિટી પ્રેસ, વડોદરા.

## સં પા દ ન

૧૫. મણિ–બાલ શતાબ્દીગ્રંથ, પ્રથમ આવૃત્તિ ૧૯૫૮, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

૧૬. શામળ, પ્રથમ આવૃત્તિ ૧૯૬૧, નવસર્જન પ્રકાશનગૃહ, વડોદરા.

૧૭. સતસૌરભ, ઇ. સ. ૧૯૭૫, મ. સ. યુનિવર્સિટી પ્રેસ, વડોદરા.

## જીવનચરિત્ર

૧૮. ટાગોર : જીવન–કવન, પ્રથમ આવૃત્તિ ૧૯૬૫, આચાર્ય બુક ડેપો, વડોદરા.

## શબ્દચિત્રો

૧૯. તસ્મૈ શ્રીગુરવે નમઃ, સર્વવિદ્યાલય, કડી માંથી પ્રકાશિત સુવર્ણજયંતી ના અઠવાડિક અંકો, વર્ષ ૧૯૬૯–૭૦.

નિબંધ

૨૦. દાંત અને તેની સંભાળ, ઈ.સ. ૧૯૩૮, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.

૨૧. સહશિક્ષણ, ઈ.સ. ૧૯૪૦, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.

૨૨. ગુજરાતણોની શરીરસંપત્તિ, ઈ.સ. ૧૯૪૪, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

૨૩. આપણું રાષ્ટ્રગીત, પ્રથમ આવૃત્તિ ૧૯૬૫, અખિલહિંદ પ્રકાશન, અમદાવાદ.

વિચારકણિકાઓનો સંગ્રહ

૨૪. રણજિત રત્નાવલિ ભાગ-૧, ઈ.સ. ૧૯૩૬, સૂરત.

## ૨. લેખો

અનામીના ઘણા લેખો – ગ્રંથાવલોકનો, સર્જકપરિચયો, સાહિત્યસ્વરૂપ ચર્ચા, સામાજિક પ્રશ્નચર્ચા, આરોગ્ય વિચારણા વગેરે વિષયક – ગુજરાતી સાહિત્યના વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયા છે, જે આજસુધી અગ્રંથસ્થ રહ્યા છે. આ લેખો મુખ્યત્વે 'સ્વાધ્યાય' (વડોદરા), 'સુવર્ણજયંતી' (કડી-સર્વ-વિદ્યાલયમાંથી પ્રકાશિત થતા અઠવાડિક અંકો), 'બુધ્ધિપ્રકાશ' (અમદાવાદ), 'નવચેતન' (અમદાવાદ), 'સ્ત્રીજીવન' (અમદાવાદ), 'અધ્યાત્મ' (ભાવનગર), 'ગ્રંથ' (મુંબઈ), 'લોકલહરી' (નડિયાદ) આદિ સામયિકોમાં પ્રગટ થયા છે. સાહિત્યના અભ્યાસીઓને તે ઉપયોગી થઈ પડે તેવા હોવાથી, તેમની એક સંકલિત યાદી અહીં પ્રસ્તુત કરી છે. અનામીના આ લેખો ઉપરાંત બીજા ઘણા લેખો

મારી નજર બહાર કદાચ રહી ગયા હોય. અહીં તો મને ઉપલબ્ધ થયેલા લેખોની જ સૂચિ રજૂ કરી છે.

'સ્વાધ્યાય' વડોદરા માં પ્રકાશિત લેખો :

૧. આનંદમીમાંસા (લેખક: પ્રો. રસિકલાલ છો. પરીખ), સ્વાધ્યાય, પુ. ૧, અંક ૧, ઓક્ટોબર ૧૯૬૩, પૃ. ૧૦૨–૧૦૫.

૨. ગોવર્ધનરામ: ચિંતક અને સર્જક (વ્યાખ્યાતા: પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી), સ્વાધ્યાય, અંક ૧, , પૃ. ૧૦૫–૧૦૮, ઓક્ટોબર ૧૯૬૩.

૩. જ્ઞાનચંદ્રની 'સિંહાસનબત્રીસી', સ્વાધ્યાય, પુ. ૧, અંક ૧, પૃ. ૮૮–૯૬, ઓક્ટોબર ૧૯૬૩.

૪. શામળકૃત 'સિંહાસનબત્રીસી' (સંપા. ડો. હરિવલ્લભ ભાયાણી), સ્વાધ્યાય, પુ. ૧, અંક ૨, પૃ. ૨૧૭–૨૧૮, જાન્યુઆરી ૧૯૬૪.

૫. ગોવર્ધનરામ – એક અધ્યયન (લેખક: ડો. રમણલાલ જોશી), સ્વાધ્યાય, પુ. ૧, અંક ૨, પૃ. ૨૧૮–૨૨૧, જાન્યુઆરી ૧૯૬૪.

૬. શાંત કોલાહલ (કવિ રાજેન્દ્ર શાહ), સ્વાધ્યાય, પુ. ૧, અંક ૩, પૃ. ૩૩૬–૩૩૮, મે ૧૯૬૪.

૭. રસ અને રુચિ (લેખક: ડો. ધીરુભાઇ ઠાકર), સ્વાધ્યાય, પુ. ૧, અંક ૪, પૃ. ૪૮૬–૪૮૮, ઓગસ્ટ ૧૯૬૪.

૮. વાગીશ્વરીના કર્ણફૂલો (લેખક: 'દર્શક'), સ્વાધ્યાય, પુ. ૨, અંક ૧, પૃ. ૧૦૭–૧૦૯, નવેમ્બર ૧૯૬૪.

૯. સમાજદર્પણ (ડો. સુમન્ત મહેતા), સ્વાધ્યાય, પુ. ૨, અંક ૨, પૃ. ૨૨૨–૨૨૪, ફેબ્રુઆરી ૧૯૬૫.

૧૦. સુવર્ણમેઘ (સુંદરજી બેટાઇ), સ્વાધ્યાય, પુ. ૨, અંક ૩, પૃ. ૩૭૧–૩૭૪, મે ૧૯૬૫.

૧૧. લિરિક અને લગરીક (પ્રો. ચંદ્રવદન મહેતા), સ્વાધ્યાય, પુ. ૩, અંક ૨, પૃ. ૨૫૧–૨૫૩, જાન્યુઆરી ૧૯૬૬.

૧૨. ચરિત્રસાહિત્ય : સ્વરૂપ અને વિકાસ (ડો. ઉપેન્દ્ર ભટ્ટ), સ્વાધ્યાય, પુ. ૪, અંક ૧, પૃ. ૧૩૯–૧૪૧, નવેમ્બર ૧૯૬૬.

૧૩. સમાલોચના (પ્રો. અનંતરાય રાવળ), સ્વાધ્યાય, પૃ. ૪, અંક ૪, પૃ. ૪૯૪–૪૯૭, ઓગસ્ટ ૧૯૬૭.

૧૪. આલોક (ડો. જયંત પાઠક), સ્વાધ્યાય, પૃ. ૫, અંક ૧, પૃ. ૧૨૬–૧૨૮, નવેમ્બર ૧૯૬૭.

૧૫. પૂર્વાલાપનાપ્રાસ, સ્વાધ્યાય, પૃ. ૬, અંક ૩, પૃ. ૩૩૭–૩૪૫, એપ્રિલ ૧૯૬૯.

૧૬. અભિનવનો રસવિચાર અને બીજા લેખો (પ્રો. નગીનદાસ પારેખ), સ્વાધ્યાય, પુ. ૭, અંક ૨, પૃ. ૧૯૩–૧૯૬, ફેબ્રુઆરી ૧૯૭૦.

૧૭. જયશંકર 'પ્રસાદ': વસ્તુ ઔર કલા (ડો. રામેશ્વર દયાલ ખંડેલવાલા), સ્વાધ્યાય, પુ. ૭, અંક ૨, પૃ. ૧૯૬–૧૯૭, ફેબ્રુઆરી ૧૯૭૦.

૧૮. રસસિધ્ધાંત (પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી), સ્વાધ્યાય પુ. ૭, અંક ૩, પૃ. ૩૧૨–૩૧૪, મે. ૧૯૭૦.

૧૯. સાહિત્યદર્શન–૧ (ભારતીય), પ્રકા. સરદાર પટેલ યુનિ., વલ્લભવિદ્યાનગર, સ્વાધ્યાય, પૃ. ૮, અંક ૩, પૃ. ૩૮૦–૩૮૧, એપ્રિલ ૧૯૭૧.

૨૦. આત્મકથા (ડો. સુમન્ત મહેતા), સ્વાધ્યાય, પુ. ૯, અંક ૪, પૃ. ૪૭૩–૪૭૫, સપ્ટેમ્બર ૧૯૭૨.

૨૧. પ્રતિધ્વનિ (ડો. દિલાવરસિંહજી જાડેજા), પુ. ૧૦, અંક ૨, પૃ. ૨૬૧–૨૬૪, ફેબ્રુઆરી ૧૯૭૩.

૨૨. મલયચંદ્રકૃત 'સિંધલસીચરિત', સ્વાધ્યાય, પુ. ૧૦, અંક ૩, પૃ. ૩૨૪–૩૩૮, મે ૧૯૭૩.

૨૩. અનુરણન (ડો. ચંદ્રકાન્ત મહેતા), સ્વાધ્યાય, પુ. ૧૧, અંક ૩, પૃ. ૨૮૪–૨૮૫, એપ્રિલ ૧૯૭૪.

૨૪. આદિકવિની આર્ષવાણી (ડો. ઇશ્વરલાલ દવે), સ્વાધ્યાય, પુ. ૧૧, અંક ૨, પૃ. ૧૯૩–૧૯૪, જાન્યુઆરી ૧૯૭૪.

૨૫. પ્રેમ વાચા માગે છે (મૂળ કવિઃ માર્ટિન ઓલવુડ, અનુવાદકઃ વત્સરાજ ભાણોત ઉદયન), સ્વાધ્યાય, પુ. ૧૧, અંક ૪, પૃ. ૩૮૩–૩૮૬, ઓગસ્ટ ૧૯૭૪.

૨૬. ઉન્મીલન (પ્રો. અનંતરાય રાવળ), સ્વાધ્યાય, પુ. ૧૨, અંક ૧, પૃ. ૧૨૫–૧૩૦, નવેમ્બર ૧૯૭૪.

૨૭. પદ, સ્વાધ્યાય, પુ. ૧૨, અંક ૩, પૃ. ૨૯૮–૩૦૫, મે ૧૯૭૫.

૨૮. સમન્વય (સંપા. સુરેશ દલાલ), સ્વાધ્યાય, પુ. ૧૩, અંક ૩, પૃ. ૩૩૭–૩૪૦, મે ૧૯૭૬.

૨૯. જૈન કવિઓના બારમાસા, સ્વાધ્યાય, પુ. ૧૪, અંક ૨, પૃ. ૧૫૦–૧૫૭, જાન્યુઆરી ૧૯૭૭.

૩૦. પ્રીતમ : એક અધ્યયન (ડો. અભિનંદન પટેલ), સ્વાધ્યાય, પુ. ૧૭, અંક ૨, પૃ. ૧૯૩-૧૯૬, જાન્યુઆરી ૧૯૮૦.

૩૧. કર્નલ પ્રો. આર. સી. પટેલ, સ્વાધ્યાય, પુ. ૨૫, અંક ૩-૪, પૃ. ૪૬૫-૪૬૬, એપ્રિલ-સપ્ટેમ્બર ૧૯૮૮.

૩૨. મધ્યકાલીન કથાસાહિત્ય, સ્વાધ્યાય, પુ. ૨૫, અંક ૩-૪, પૃ. ૩૨૭-૩૪૭, એપ્રિલ-સપ્ટેમ્બર ૧૯૮૮.

૩૩. ચારુચયન (સંપા. જેઠાલાલ ત્રિવેદી), સ્વાધ્યાય, પુ. ૨૬, અંક ૧-૨, પૃ. ૧૨૧-૧૨૪, નવેમ્બર ૧૯૮૮-ફેબ્રુઆરી ૧૯૮૯.

૩૪. એક ઉપેક્ષિત સુકવિ: શ્રી રામકૃષ્ણ મહેતા, સ્વાધ્યાય, પુ. ૨૭, અંક ૩-૪, પૃ. ૩૧૩-૩૨૦, એપ્રિલ-ઓગસ્ટ ૧૯૯૦.

'સુવર્ણજયંતી' કડી-સર્વવિદ્યાલય માં પ્રકાશિત લેખો :

૩૫. મને સાંભરે રે, સુવર્ણજયંતી અંક, તા. ૧૧-૯-૬૯, કડી-સર્વવિદ્યાલય.

૩૬. હૃદયની સાચી કેળવણી, સુવર્ણજયંતી અંક, તા. ૯-૧૦-૬૯, કડી-સર્વવિદ્યાલય.

૩૭. હજી તો બહુવાર છે, સુવર્ણજયંતી અંક, તા. ૨૩-૧૦-૬૯, કડી-સર્વવિદયાલય.

૩૮. ઇષ્ટાપત્તિ, સુવર્ણજયંતી અંક, તા. ૧૮-૧૨-૬૯, કડી-સર્વવિદ્યાલય.

૩૯. રસેષણાનો મોક્ષ, સુવર્ણજયંતી અંક, તા. ૧-૧-૭૦, કડી-સર્વવિદ્યાલય.

૪૦. સંન્યાસીનું સંતાન, સુવર્ણજયંતી અંક, તા. ૮-૧-૭૦, કડી-સર્વવિદ્યાલય.

૪૧. પણ મે આ ચોરી કેમ કરી?, સુવર્ણજયંતી અંક, તા. ૧૫–૧–૭૦, કડી–સર્વવિદ્યાલય.

૪૨. આગમનના અણસાર, સુવર્ણજયંતી અંક, તા. ૧૨–૨–૭૦, કડી–સર્વવિદ્યાલય.

૪૩. એ તો એમજ કરે, સુવર્ણજયંતી અંક, તા. ૧૨–૩–૭૦, કડી–સર્વવિદ્યાલય.

૪૪. ચમકતી (વાર્તા), સુવર્ણજયંતી અંક, તા. ૧૯–૩–૭૦, કડી–સર્વવિદ્યાલય.

૪૫. આત્મદીપોભવ, સુવર્ણજયંતી અંક, તા. ૨૬–૩–૭૦, કડી–સર્વવિદ્યાલય.

૪૬. પ્રો. જે. સી. સ્વામીનારાયણ, સુવર્ણજયંતી અંક, તા. ૨૬–૩–૭૦, કડી–સર્વવિદ્યાલય.

૪૭. સર્વવિદ્યાલય પરિવાર સમેલન (પ્રમુખ તરીકેનું મંગલ પ્રવચન), સુવર્ણજયંતી અંક, તા. ૭–૫–૭૦, કડી–સર્વવિદ્યાલય.

૪૮. સત્યવીર બાપુ, સુવર્ણજયંતી અંક, તા. ૧૧–૬–૭૦, કડી–સર્વવિદ્યાલય.

૪૯. તું વ્યક્તિ આડે ન જુએ સમષ્ટિને, સુવર્ણજયંતી અંક, તા. ૩૦–૭–૭૦, કડી–સર્વવિદ્યાલય.

૫૦. દર્શન (વાર્તા), સુવર્ણજયંતી અંક, તા. ૬–૮–૮૦, કડી–સર્વવિદ્યાલય.

૫૧. કેળવણીનો આદર્શ, સુવર્ણજયંતી અંક, તા. ૨૬–૧૧–૭૦, કડી–સર્વવિદ્યાલય.

૫૨. રાષ્ટ્રીયતાના જ્યોતિર્ધર : અરવિંદ ઘોષ, સુવર્ણજયંતી અંક, તા. ૧૦–૧૨–૭૦, કડી–સર્વવિદ્યાલય.

૫૩. ગાંધીજી : અત્યારના સંદર્ભમાં, સુવર્ણજયંતી અંક, તા. ૭–૧–૭૧, કડી–સર્વવિદ્યાલય.

૫૪. નિરાળા કવિ કબીર, સુવર્ણજયંતી અંક, તા. ૧૪–૧–૭૧,
કડી–સર્વ વિદ્યાલય.

૫૫. પ્રજાસત્તાકદિને, સુવર્ણજયંતી અંક, તા. ૧૧–૨–૭૧,
કડી–સર્વ વિદ્યાલય.

૫૬. શિક્ષણ–પધ્ધતિ ને જીવનઘડતર, સુવર્ણજયંતી અંક, તા. ૧૧–૨–૭૧,
કડી–સર્વ વિદ્યાલય.

૫૭. આજીવન સાધના, સુવર્ણજયંતી અંક, તા. ૨૫–૨–૭૧,
કડી–સર્વ વિદ્યાલય.

૫૮. શિક્ષણ : આત્મચિંતન, સ્મરણિકા, તા. ૫–૧૨–૯૨,
કડી–સર્વ વિદ્યાલય.

'ગ્રંથ', 'બુધ્ધિપ્રકાશ', 'નવચેતન', 'લોકલહરી' વગેરેમાં પ્રકાશિત લેખો:

૫૯. કાવ્યશિલ્પી કાન્ત, ગ્રંથ, ઓક્ટોબર ૧૯૬૭.

૬૦. શામળ : વ્યક્તિ અને સાહિત્ય, બુધ્ધિપ્રકાશ, જૂન ૧૯૭૫.

૬૧. વિશ્વ–કવિ રવીન્દ્રનાથ ટાગોર, નવચેતન–દીપોત્સવી અંક,
નવેમ્બર–ડિસેમ્બર ૧૯૯૨.

૬૨. ગુજરાતી લોકગીતોનું ચયન, નવચેતન–દીપોત્સવી અંક,
નવેમ્બર–ડિસેમ્બર ૧૯૯૩.

૬૩. આવક, આહાર અને પોષણ, નવચેતન, જાન્યુઆરી ૧૯૫૧.

૬૪. આહાર, પોષણ ને આરોગ્ય, નવચેતન (?)

૬૫. નર્મદાની પરકમ્મા, લોકલહરી, ઓક્ટોબર–નવેમ્બર ૧૯૯૦.

૬૬. તુકારામના અભંગ અને નરસિંહના પદોમાં ભાવાત્મક એકતા,
અધ્યાત્મ, ૧૯૯૩.

૬૭. પરં પશ્યત માऽપરમં, અધ્યાત્મ, જૂન ૧૯૮૧.

૬૮. વસુદેવ હિંડી, પ્રબુધ્ધજીવન, તા. ૧૬–૩–૯૨.

૬૯. વિરલ વિદ્વત્પ્રતિભા (લેખકઃ જયંત કોઠારી), પ્રબુધ્ધજીવન, તા. ૧૬-૨-૯૩.

૭૦. સાંપ્રત સહચિંતન ભાગ-૫ (ડો. આર. સી. શાહ), પ્રબુધ્ધજીવન, તા. ૧૬-૯-૯૪.

૭૧. સહચિંતન ભાગ-૫, પ્રબુધ્ધજૈન, ૧૯૯૪.

૭૨. શિશુ-વિષ્ણુલાછન, સ્ત્રીજીવન, વર્ષ અપ્રાપ્ય.

૭૩. એ પૂજ્ય હોય મોરાર, સ્ત્રીજીવન, વર્ષ અપ્રાપ્ય.

૭૪. રામાયણમાં ભ્રાતૃભાવ, સ્ત્રીજીવન, વર્ષ અપ્રાપ્ય.

૭૫. ગુજરાતી સાહિત્યમાં મૌક્તિકો, સ્ત્રીજીવન, વર્ષ અપ્રાપ્ય.

૭૬. ભક્તકવિ રામકૃષ્ણનું ભાઇબીજનું પદ, સ્ત્રીજીવન, વર્ષ અપ્રાપ્ય.

૭૭. કરુણાનું કાવ્ય, સ્ત્રીજીવન, વર્ષ અપ્રાપ્ય.

૭૮. વીસ વર્ષ પહેલાં, જયશુક્લેશ્વર, ફેબ્રુઆરી ૧૯૭૫.

૭૯. સારસ્વતની સાધના, સંભારણું, ૧૯૭૫.

૮૦. મીરાં, ગુજરાતનો દીપોત્સવી અંક (?)

૮૧. પ્રાચીન ભારતીય લોકકથા, સાધનાનો દીપોત્સવી અંક (?)

૮૨. ભક્તકવિ શ્રી રામકૃષ્ણ મહેતા, આકાશવાણીઃ અમદાવાદ-
-વડોદરા.

૮૩. ટાગોરના સંવાદ-કાવ્યો, આકાશવાણીઃ અમદાવાદ-વડોદરા.

૮૪. સાહિત્યમાં પરાવાસ્તવવાદ, આકાશવાણીઃઅમદાવાદ- "

૮૫. ગાંધીજી અને સત્ય, આકાશવાણીઃઅમદાવાદ-વડોદરા.

૮૬. ભવવૈજન્તીમૈત્રી, પ્રો. બ. ક. ઠાકોર : એક અધ્યયન ગ્રંથ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૯.

૮૭. કવિ-સમ્રાટના સ્મરણ-સંભાર, કવિશ્રી નાનાલાલ સ્મારક ગ્રંથ, ઇ. સ. ૧૯૫૩.

૮૮. ઝિન્દાદિલ નવજુવાન - શ્રી યશોધર મહેતા, સ્મૃતિગ્રંથ, ઇ. સ. ૧૯૯૨, અગમનિગમ મંડળ, અમદાવાદ.

૮૯. પદ્યવાર્તા : સ્વરૂપ અને વિશિષ્ટતાઓ, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ખંડ-૨, પ્રથમ આવૃત્તિ ૧૯૭૬, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.
૯૦. કંથારિયા બાલાશંકર ઉલ્લાસરામ, ગુજરાતી વિશ્વકોશ, ખંડ ૪, પ્રથમ આવૃત્તિ, ઓક્ટોબર ૧૯૯૨, અમદાવાદ.
૯૧. કુરુક્ષેત્ર, ગુજરાતી વિશ્વકોશ, ખંડ ૪, પ્રથમ આવૃત્તિ, ઓક્ટોબર ૧૯૯૨, અમદાવાદ.
૯૨. પ્રો. ભાઇલાલ કોઠારી, ગુજરાતી વિશ્વકોશ, ખંડ ૫, પ્રથમ આવૃત્તિ, નવેમ્બર ૧૯૯૩, અમદાવાદ.

# સંદર્ભસૂચિ

## સહાયક ગ્રંથસંદર્ભ


૧. અધીત-ચાર, ગુજરાતીનો અધ્યાપકસંઘ : ૩૦મું સંમેલન, સંપા. જયંત કોઠારી વગેરે, પહેલી આવૃત્તિ, ૧૯૮૦, અમદાવાદ.

૨. અર્વાચીન કાવ્ય-સાહિત્યનાં વહેણો, રામનારાયણ વિ. પાઠક, પ્રથમ આવૃત્તિ ૧૯૩૮, મુંબઈ.

૩. અર્વાચીન ગુજરાતી કવિતામાં પ્રણયનિરૂપણ, તરુલતા ડી. મહેતા, પ્રથમ આવૃત્તિ ૧૯૮૩, અમદાવાદ.

૪. અર્વાચીન ગુજરાતી ગદ્યનો વિકાસ, એસેફ પરમાર, પ્રથમ આવૃત્તિ ૧૯૮૭, આણંદ.

૫. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ધીરુભાઈ ઠાકર, ચોથી આવૃત્તિ ૧૯૬૬, અમદાવાદ.

૬. આત્મકથા : સ્વરૂપ અને વિકાસ, રસીલા ચંદ્રકાન્ત કડીઆ, પ્રથમ આવૃત્તિ ૧૯૮૫, અમદાવાદ.

૭. આપણી કવિતા સમૃધ્ધિ, સંપા. બ. ક. ઠાકોર, બીજી આવૃત્તિનું મુદ્રણ બીજું, ઇ. સ. ૧૯૪૪, મુંબઈ.

૮. આપણો કવિતા વૈભવ ભાગ-૧, સંપા. મનસુખલાલ ઝવેરી, પ્રથમ આવૃત્તિ ૧૯૭૪, મુંબઈ.

૯. ઇતિહાસની કેડી, ભોગીલાલ જ. સાંડેસરા, પ્રથમ આવૃત્તિ ૧૯૪૫, વડોદરા.

૧૦. ઉદયભાનુકૃત વિક્રમચરિત્રરાસ , સંપા. બલવંતરાય ઠાકોર, આવૃત્તિ પહેલી ૧૯૫૭, વડોદરા.

૧૧. ઉપાયન- વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, સંપા. વ્રજરાય દેસાઇ વગેરે, પ્રથમ આવૃત્તિ ૧૯૬૧, સૂરત.

૧૨. કલાન્તકવિ, સંપા. ઉમાશંકર જોષી, દ્વિતીય આવૃત્તિ ૧૯૬૦, મુંબઇ.

૧૩. કવિની શ્રધ્ધા, ઉમાશંકર જોષી, પ્રથમ આવૃત્તિ ૧૯૭૨, અમદાવાદ.

૧૪. કાન્તનો પૂર્વાલાપ, સંપા. રામનરાયણ વિ. પાઠક, પાચમી આવૃત્તિ ૧૯૬૮, મુંબઇ.

૧૫. કાન્ત વિશે – ભૃગુરાય અંજારિયા, સંપા. જયંત કોઠારી વગેરે, પ્રથમ આવૃત્તિ ૧૯૮૩, મુંબઇ–અમદાવાદ.

૧૬. કાવ્યસમુચ્ચય ભાગ–૧, રામનારાયણ વિ. પાઠક, ચોથી આવૃત્તિ૧૯૩૬, અમદાવાદ.

૧૭. કાવ્યસમુચ્ચય ભાગ–૨, રામનારાયણ વિ. પાઠક, ત્રીજી આવૃત્તિ ૧૯૫૦, અમદાવાદ.

૧૮. કિંચિત, સુરેશ જોષી, પ્રથમ આવૃત્તિ ૧૯૬૦, વડોદરા.

૧૯. ગુજરાતી કવિતાનો આસ્વાદ, સુરેશ જોષી, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૨, વડોદરા.

૨૦. ગુજરાતી સાહિત્યના સ્વરૂપો : મધ્યાકાલીન તથા અર્વાચીનઃ, મંજુલાલ ર. મનમુદાર, પહેલી આવૃત્તિ ૧૯૫૪, વડોદરા.

૨૧. ચિત્રદર્શનો, નાનાલાલ કવિ, ત્રીજી આવૃત્તિ ૧૯૫૩, રાજકોટ.

૨૨. ધ્વનિ, રાજેન્દ્ર શાહ, પ્રથમ આવૃત્તિ ૧૯૫૧, અમદાવાદ.

૨૩. નિબંધમાલા, સંપા. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, ચોથું મુદ્રણ ૧૯૬૧, અમદાવાદ.

૨૪. પરિક્રમા, બાલમુકુન્દ દવે, પ્રથમ આવૃત્તિ ૧૯૫૫, અમદાવાદ.

૨૫. મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા, જગદીશ શાહ, પ્રથમ આવૃત્તિ ૧૯૮૧, સૂરત.

૨૬. મ્હારાં સોનેટ, સંપા. ઉમાશંકર જોષી, બીજી આવૃત્તિ ૧૯૬૪, વડોદરા.

૨૭. રેખાચિત્રો, લીલાવતી મુનશી, બીજી આવૃત્તિનું મુદ્રણ બીજું, ઇ.સ. ૧૯૪૪, અમદાવાદ.

૨૮. શબ્દયોગ, સંપા. મફત ઓઝા અને સુધાબહેન પંડયા, પ્રથમ આવૃત્તિ ૧૯૮૪, વડોદરા.

૨૯. શબ્દલોકના યાત્રીઓ-૧, રમણલાલ જોશી, પ્રથમ આવૃત્તિ ૧૯૮૩, મુંબઇ-અમદાવાદ.

૩૦. શૈલી અને સ્વરૂપ, ઉમાશંકર જોષી, પ્રથમ આવૃત્તિ ૧૯૬૦, મુંબઇ.

૩૧. સર્જકની શિક્ષકગાથા, સંપા. ઇશ્વરભાઇ પરમાર, પ્રથમ આવૃત્તિ ૧૯૯૦, અમદાવાદ.

૩૨. સાહિત્યસંસ્પર્શ, વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી, પ્રથમ આવૃત્તિ ૧૯૭૯, સૂરત.

## સહાયક સામયિક-સંદર્ભ :


૩૩. અખંડ આનંદ, જૂન ૧૯૯૪, અમદાવાદ.

૩૪. ઉદ્દેશ, ઓગસ્ટ ૧૯૯૩, અમદાવાદ.

૩૫. ગ્રંથ, ઓક્ટોબર ૧૯૬૭, મુંબઇ.

૩૬. ગ્રંથ, જૂન ૧૯૮૪, મુંબઇ.

૩૭. તાદર્થ્ય, વર્ષ ૬, અંક ૧૧, જૂન ૧૯૯૨, અમદાવાદ.

૩૮. નવચેતન-દીપોત્સવી અંક, નવે.-ડિસે. ૧૯૯૨, અમદાવાદ.

૩૯. બુધ્ધિપ્રકાશ, જૂન ૧૯૭૫, અમદાવાદ.

૪૦. રંગતરંગ, માર્ચ ૧૯૯૦, અમદાવાદ.

૪૧. સ્વાધ્યાય, પુ. ૧૦, અંક ૩, મે ૧૯૭૩, વડોદરા.

૪૨. સ્વાધ્યાય, પુ. ૧૨, અંક ૩, મે ૧૯૭૫, વડોદરા.

૪૩. સ્વાધ્યાય, પુ. ૧૩, અંક ૩, મે ૧૯૭૬, વડોદરા.

૪૪. સ્વાધ્યાય, પુ. ૨૫, અંક ૩-૪, એપ્રિલ-સપ્ટે. ૧૯૮૮, વડોદરા.

૪૫. સ્વાધ્યાય, પુ. ૨૭, અંક ૩-૪, એપ્રિલ-ઓગસ્ટ ૧૯૯૦, વડોદરા.

૪૬. સુવર્ણજયંતી, અંક ૪, ૧૯૬૯, કડી-સર્વવિદ્યાલય.

૪૭. સુવર્ણજયંતી, અંક ૮, ૧૯૬૯, કડી-સર્વવિદ્યાલય.

૪૮. સુવર્ણજયંતી, અંક ૨૮, ૧૯૭૦, કડી-સર્વવિદ્યાલય.

૪૯. સુવર્ણજયંતી, અંક ૩૧, ૧૯૭૦, કડી-સર્વવિદ્યાલય.

૫૦. સુવર્ણજયંતી, અંક ૧૩, ૧૯૭૧, કડી-સર્વવિદ્યાલય.

૫૧. સંભારણું (પ્રો. ડો. રણજિત પટેલ - અનામી સન્માન સમારંભ), ઇ. સ. ૧૯૭૭, વડોદરા.


## સહાયક વર્તમાનપત્ર-સંદર્ભ :


૫૨. ગુજરાત ટુડે, તા. ૫-૬-૧૯૪૪, અમદાવાદ.

૫૩. નવભારત, તા. ૧૬-૧૧-૧૯૬૨, વડોદરા.

૫૪. નૂતન ગુજરાત, તા. ૨૨-૨-૧૯૭૬, અમદાવાદ.
૫૫. પ્રબુધ્ધજીવન, તા. ૧૬-૧૧-૧૯૮૬, મુંબઇ.
૫૬. પ્રબુધ્ધજીવન, તા. ૧૬-૨-૧૯૯૩, મુંબઇ.
૫૭. લોકસત્તા, તા. ૧૨-૧૨-૭૯, વડોદરા.
૫૮. સંદેશ, તા. ૫-૭-૧૯૮૧, અમદાવાદ.
૫૯. અનામીનો સંસ્મરણાત્મક વાર્તાલાપ, પ્રસારિત તા. ૧૨-૯-૯૦, આકાશવાણી, અમદાવાદ-વડોદરા.